# એરફોર્સ સ્ટેશન માઉન્ટ આબુ ખાતે પ્રથમ સમર એડવેન્ચર કેમ્પનું સમાપન

અમદાવાદ, તા. ૨૧

ભારતીય હવાઈ દળના



દક્ષિણ પશ્ચિમ એર કમાંડ દ્વારા એરફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશન (રીજનલ)ના માર્ગદર્શન હેઠળ માઉન્ટ આબુ એરફોર્સ સ્ટેશન ખાતે યુવક અને યુવતીઓ બંને માટે એક એક અઠવાડિયા માટેના પ્રથમ સમર એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

દક્ષિણ પશ્ચિમ એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફ એર માર્શલ આર.કે. ધીર, પીવીએસએમ એવીએસએમ વીએમએડીસી, આ કાર્યક્રમના રંગારંગ સમાપન સમારોહમાં મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ દરમિયાન યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓને શ્રીમતી નીલમ ધીર, પ્રેસીડેન્ટ એરફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશન (રીજનલ) દ્વારા



ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કેમ્પ દરમિયાન ભાગ લેનારાઓએ ખુબ જ ઉત્સાહ અને જુસ્સો દર્શાવ્યો હતો અને તમામ કાર્યક્રમોમાં દિલથી ભાગ લીધો હતો. આ કેમ્પ દરમિયાન લીપ ઓફ ફેઈથ, ટેન્ટ પીચીંગ, ટ્રેકિંગ, પેરાસેઈલીંગ, રેપલીંગ, એરોબીક્સ, યોગ, બોટિંગ અને ઘોડેસવારી વગેરે જેવી સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં ભાગ લેનારાઓના સમગ્રતયા વિકાસ માટે માર્ગ શિસ્ત, ચારિત્ર્ય વિકાસ, મેડીકલ ઈમરજન્સીમાં ફર્સ્ટ એઈડ વગેરે જેવા વિષયો પર પ્રવચનોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

એર ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફે પોતાના સમાપન વક્તવ્યમાં કેમ્પમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ દ્વારા અપ્રતિમ ઉત્સાહ પ્રદર્શિત કરનારા જુસ્સાની પ્રશંસા કરી તેમજ સુચારુ રૂપે આ કેમ્પનું આયોજન કરવા બદલ ટીમ માઉન્ટ આબુના પ્રયત્નોની સરાહના કરી.

# વાહનચાલકો આનંદો : લાયસન્સ એક વર્ષ અગાઉ રીન્યુ કરાવી શકાશે

## આરટીઓએ પરીપત્ર બહાર પાડ્યો : સોફ્ટવેરમાં જરૂરી સુધારા કરાયા

હિંમતનગર, તા. ૨૧

રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા તાજેતરમાં ગુજરાતના વાહનો ચલાવતા ચાલકો માટે ખુબજ સારો નિર્ણય લઈને કોઈપણ લાયસન્સ ધારક તેના લાયસન્સની મુદત પૂર્ણ થાય તે પહેલા એક વર્ષ અગાઉ તેને જરૂરી ફી ભરીને રીન્યુ કરાવી શકશે જેના માટે આરટીઓ કચેરીના કમ્પ્યુટરના સોફટવેરમાં જરૂરી સુધારા વધારા કરીને તેનો અમલ કરવા માટે પરીપત્ર જાહેર કર્યો છે.

આ અંગે વાહન વ્યવહાર કમિશ્નરની યાદીમાં જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લા સહિત રાજ્યમાં આવેલ આરટીઓ કચેરીમાં રોજબરોજ અનેક વાહનચાલકો પોતાનું લાયસન્સ કઢાવવા માટે અથવા તો રીન્યુ કરાવવા માટે આવે છે ત્યારે તે પૈકી મોટાભાગના લાયસન્સ ધારકોના લાયસન્સની મુદત પુરી થઈ ગઈ હોય છે જેના કારણે તેને રીન્યુ કરવા માટે વાહન વ્યવહાર વિભાગના કાયદા મુજબ દંડની રકમ ભરવી પડે છે.

જે અંગે વાહન વ્યવહાર વિભાગના કમિશ્નરે વાહનચાલકોને મદદરૂપ થવાના આશયથી હવે પછી કોઈપણ લાયસન્સ ધારક તેનું લાયસન્સ જે તારીખે પૂર્ણ થતુ હોય તેના ૩૬૫ દિવસ એટલે કે એક વર્ષ અગાઉ જો લાયસન્સ ધારક ઈચ્છે તો આરટીઓ કચેરીમાં જઈ રીન્યુ કરાવી શકશે જેના માટે આરટીઓ કચેરીમાં આવેલા સારથી-૨ અને સારથી-૪ સોફટવેરમાં જરૂરી સુધારા વધારા કરાયા બાદ તેનો પરીપત્ર તાજેતરમાં જાહેર કરાયો છે જેથી કોઈપણ લાયસન્સ ધારક તેનું લાયસન્સ અગાઉ એક વર્ષની અંદર જરૂરી ફી ભરીને રીન્યુ કરાવી શકશે.

# શાપરમાં ચોરીની શંકાએ દલિત યુવાનને માર મારી મોતને ઘાટ ઉતાર્યો

## પાંચની ધરપકડ, ગુજરાત દલિતો માટે સુરક્ષિત નથી : જીજ્ઞેશ મેવાણી

રાજકોટ,તા.૨૧

શાપરમાં એક દલિત યુવકને ચોરીના શંકાએ ઢોર માર મરાયો. એટલે સુધી કે યુવકનું સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં મોત થઈ ગયું. દલિત યુવક પર થયેલા અત્યાચારે ફરી ઉનાકાંડ અને ત્યાર બાદ રાજ્યમાં દલિતો વિરુદ્ધ થયેલા અત્યાચારોની યાદ તાજા કરાવી દીધી. ૧૧મી જુલાઈ, ૨૦૧૬ના રોજ ઉના ખાતે ચાર દલિતોને કથિત ગૌરક્ષોએ ઢોરમાર માર્યો હતો. આ તમામ લોકો ગામમાં મૃત પામેલી એક ગાયનું ચામડું ઉતારી રહ્યા હતા. તેમના પર કથિત રીતે ગૌહત્યાનો આરોપ લગાવીને તેમને ફટકારવામાં આવ્યા હતા. જ્યારે શાપરના બનાવમાં તો ચોરીની શંકાને આધારે જ કાયદો હાથમાં લઈને દલિત યુવકને માર મારીને તેનો જીવ લઈ લેવામાં આવ્યો. એક તરફ ગુજરાત વિકસની હરણફાળ ભરી રહ્યું છે તો બીજી તરફ ફક્ત શંકાને આધારે કોઈની હત્યા કરી નાખવામાં આવે છે તે ઘટના ખરેખર રાજ્યના માથે કાળી ટીલી સમાન છે!

આ અંગે ઈન્ચાર્જ એસ.પી. શ્રુતિ મહેતા(રાજકોટ ગ્રામ્ય)એ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, શાપર ખાતે રાદડિયા ઈન્ડસ્ટ્રિઝના લોકોએ ચોરીની શંકાના આધારે એક વ્યક્તિને માર માર્યો હતો, જેમાં તેનું મોત થયું છે. આ ગુનામાં રવિવારે સાંજે પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે. આ લોકો સામે ૩૦૨, એટ્રોસિટી સહિતની કલમો લગાડી કાર્યવાહી કરવામાં આવી છે. હાલમાં આરોપીઓની ઓળખ પરેડ બાકી હોવાથી તેમની ઓળખ જાહેર કરવામાં આવી નથી. પોલીસ દ્વારા તેમને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ માંગવામાં આવશે.

પોલીસના જણાવ્યા પ્રમાણે મૃતક યુવક આ વિસ્તારમાં કચરો, પ્લાસ્ટિક અને ભંગાણ વીણવાનું કામ કરતા હતા. આ પહેલા પણ ચોરીની શંકામાં તેને પકડવામાં આવ્યો હતો. પરંતુ એ વખતે તેને છોડી મૂકવામાં આવ્યો હતો. પોલીસે આ અંગે સીસીટીવી ફૂટેજ કબજે કરીને યોગ્ય કાર્યવાહી શરૂ કરી છે. યુવકને સાથે સાથે તેની પત્નીને પણ માર મારવામાં આવ્યો હોવાના પુરાવા મળ્યા છે.

મેવાણીના જણાવ્યા પ્રમાણે ઢોર માર માર્યા બાદ મોતને ભેટેલા યુવકનું નામ મુકેશ વાણિયા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે દલિત યુવકને એક દોરડાથી કારખાનાના ગેટ સાથે બાંધી રાખવામાં આવ્યો છે. શરૂઆતમાં ફેક્ટરીનો જ કોઈ માણસ તેને માર મારી રહ્યો છે. બાદમાં ફેક્ટરીનો માલિક મજૂરને માર મારી રહેલા વ્યક્તિ પાસેથી લોખંડનો સળિયો લઈને પોતે મજૂરને ઢોર માર મારતો નજરે પડે છે.

મેવાણીએ નેશનલ મીડિયાને આ વીડિયો ટેગ કરીને લખ્યું છે કે આ છે ગુજરાતનું કહેવાતું ‘વિકાસ મોડલ‘. સાથે જ મેવાણીએ હેઝ ટેગમાં લખ્યું છે કે ગુજરાત દલિતો માટે સુરક્ષિત નથી.

# સાબરકાંઠા જિલ્લા ભાજપે લોકસભા ચૂંટણીની તૈયારીઓ આરંભી

## મહિલા મોરચા અને બક્ષીપંચ મોરચાની બેઠક યોજાઈ

## બેઠકમાં વિવિધ નિમણુંકો દ્વારા જવાબદારી અપાઈ

હિંમતનગર, તા. ૨૧

આગામી લોકસભાની ચૂંટણી આવી રહી છે તેમજ સંગઠન દ્વારા પક્ષ મજબુત કરી આપણે સેવાના માધ્યમથી સરકાર દ્વારા છેવાડાના વ્યક્તિ સુધીની ચિંતા કોઈ કરતું હોય તો તે ભારતીય જનતા પક્ષ છે. સાબરકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે આજરોજ જીલ્લાના મહિલા મોરર્ચા અને બક્ષીપંચ મોરર્ચાની અલગ-અલગ બેઠકમાં વધુમાં જણાવેલ કે, આપણે વિધાનસભાની ચૂંટણીમાં સફળતા રીતે કાર્યકરોએ ખુબ મહેનત કરી કામ કરેલ છે. જેથી હવેની ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં પણ પુરા જુસ્સા સાથે કામ કરવાનું છે. જયાં મોરચાઓમાં નિમણુંકો બાકી હોય તો તે આજે આપણે મોટા ભાગની નિમણુંકો કરી દીધી છે. પ્રભારીઓની પણ નિમણુંક કરી દીધી છે. જે.ડી.પટેલે વધુમાં જણાવેલ કે, દરેક મોરર્ચાની એક અલગ જ જવાબદારી હોય છે જે ખૂબ જ મહત્વની છે મહિલા મોરર્ચો હોય તેને શું કામ કરવું તેની પણ ચિંતા મહિલા દ્વારા સમાજની જરુરીયાતમંદ મહિલાઓને સ્વમાનભેર કેવી રીતે રોજગારી મળે તેની ચિંતા, બેટી બચાવો, બહેનોને શિક્ષણ મળે આવા અનેક કામો આપણી બહેનો કરતી હોય છે. એજ રીતે બક્ષીપંક્ષ મોરર્ચાના હોદેદારો-કાર્યકરો પક્ષ અને સરકાર દ્વારા તેમના સમાજને વધુમાં વધુ લાભો અપાવી અન્ય મોરર્ચાઓ સાથે સદભાવનાની ભાવના રાખી પક્ષમાં વધુ ઉપયોગી બનવા હીમાયત કરી હતી.

જીલ્લા મહામંત્રી અશોકભાઈ જોષીએ બંન્ને મોરર્ચાના વિવિધ મંડલના તેમજ બાકી રહેલા હોદેદારોની ઘોષણા કરી હતી. તેમજ બંન્ને મોરર્ચાના કરવાના કામોની પણ માહિતી આપી હતી. જીલ્લા મહામંત્રી તખતસિંહ હડીયોલે આગામી પક્ષના કાર્યક્રમ વિશેની જાણકારી આપી જણાવેલ કે, મંડલ સુધી મીટીંગો પુરી કરી તેમાં પક્ષની ગાઈડલાઈન પ્રમાણે નવી નિમણુંકો પુરી કરો મહિલા મોરર્ચાનું સંચાલન મહિલા મોરર્ચા મહામંત્રી અર્ચનાબેન સોનીએ કરેલ. આ પ્રસંગે હિંમતનગર પાલીકા પ્રમુખ નિલાબેન પટેલ, વડાલી પાલીકા પ્રમુખ સમતાબેન સગર આમ પાંચ પાલીકાના પાંચ મહિલા પ્રમુખો, જીલ્લા મહિલા મોરર્ચાના પ્રમુખ દક્ષાબેન ચૌધરી, ભગવતીબેન સુથાર, વર્ષાબેન વણકર વગેરે હાજર રહ્યા હતા. હિંમતનગર મહિલા મોરર્ચાના પ્રમુખ તરીકે હંસાબેન પિત્રોડા તથા મહામંત્રી તરીકે કાન્તાબેન પંડ્યાની નિમણુંકની જાહેરાત કરવામાં આવી હતી. બક્ષીપંચ મોરર્ચાના મીટીંગનું સંચાલન બક્ષીપંચ મોરર્ચાના મહામંત્રી કમલેશ બારોટે કરેલ. જેમાં તેમણે મોરર્ચાની વિવિધ કામગીરી કરવામાં આવે છે તેની જીલ્લા સંગઠન સમક્ષ માહિતી આપી હતી.

# માતા પાસે રહેતી દીકરીને ઉઠાવી લાવનાર પિતા પાસેથી ૧૮૧ અભયમે માતા પુત્રીને એક કર્યા

મોડાસાના એલાયલન્સ નગરના રહીશ સાહેનાબાનુના પાંચ વર્ષના લગ્ન જીવનમાં પતિ સાથે અણબનાવ બનતા છેલ્લા સાત માહિનાથી રિસાઈને ત્રણ વર્ષની બાળકી સાથે તેમના પિયર ગોધરા ચાલ્યા ગયા હતા. અલગ મકાન રાખી રહેતી પત્ની અને બાળકીની સાર સંભારના રાખતા પતિ ગત ગુરુવારના રોજ અચાનક સાહેનાબાનુના પતિ ગોધરા આવી ગયેલ અને કોઈને જણાવ્યા વગર બાળકીને લઈ મોડાસા પરત આવવા ગોધરા બસ સ્ટેશનમાં પહોંચી ગયેલ. સાહિનાબાનુ બાળકી પાછી મેળવવા આજીજી કરેલ પરંતુ બાળકીને પાછી ન આપતા મોડાસા આવી ગયેલા અને તેમની પાછળ સાહિનાબાનું પણ મોડાસા આવેલ અને સાસરિયાવાળાઓને બાળકી પરત મેળવવા વિનંતી કરવા છતાં બાળકી પરત ન આપતા ન છૂટકે સાહિનાબાનુએ અરવલ્લી ૧૮૧ મહિલા સુરક્ષા અભયમને કોલ કરી મદદ માગતા અભયમના કાઉસેલર પટેલ જિજ્ઞાસાબેન અને મહિલા પો.કોન્ટેબલ ઈલાબેન ભાગોરા સ્થળ પર પહોંચી જઈ સાહિનાબાનુના સાસરીઓના લોકોને સમજાવી કાઉસેલિંગ કરી બાળકી પરત સોંપી હતી અને બન્નેને મોડાસા બસ સ્ટેશન લઈ જઈ બસમાં બેસાડી ગોધરા જવા રવાના કર્યા હતા. આમ અરવલ્લી જિલ્લા ૧૮૧ મહિલા સુરક્ષા શાખાએ મહિલાને બાળકી અપાવી ન્યાય અપાવ્યો હતો.

# ધંબોલીયા ગામની પરણીતા પાસે દહેજ માંગી માનસિક ત્રાસ ગુજારતાં સાસરીયાઓ સામે ફરીયાદ

ભિલોડા,તા.૨૧

ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામની પરણીતા પાસે વારંવાર દહેજ માંગી મ્હેણાં-ટોણાં મારી માનસિક ત્રાસ ગુજારતાં સાસરીયાઓથી ત્રાહિમામ પોકારી ઉઠેલી પરણીતાએ પીયરની વાટ પકડી હતી. પરણીતાએ સાસરીયાઓ વિરૂધ્ધ મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

મેઘરજ તાલુકાના કંભરોડા ગામની મહિલા અરૂણાબેન મુળસિંહ ચૌહાણના લગ્ન નવ વર્ષ પહેલાં સમાજીક રીતી રીવાજ મુજબ ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામના અનુપસિંહ ગણપતસિંહ રાઠોડ સાથે કર્યા હતા. લગ્ન જીવન દરમ્યાન સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. લગ્ન જીવન દરમ્યાન એક વર્ષ સુધી પરણીતાના પતિ અનુપસિંહ સારૂ રાખતા હતા. પરણીતા ઉપર તેનો પતી વહેમ રાખી વારંવાર દહેજની માંગણી કરી અવાર-નવાર મારઝુડ કરતો હતો પરણીતાના જેઠ, જેઠાણી અને પરીવારના સભ્યો વાત કરતાં તે પણ તેના પતીનું ઉપરાંણું લઈ દહેજમાં તુ કંઈ લાવી નથી તેમ કહી છેલ્લા ૮ વર્ષથી શારીરિક અને માનસીક ત્રાસ ગુજારતાં હતા. ધંબોલીયા ગામની પરણીતાએ કંભરોડા પીયરની વાટ પકડી હતી. તા.૮/૧૧/૨૦૧૭ ના રોજ પરણીતા ઉપર તેના પતી ધ્વારા ખોટા વહેમ રાખી મારઝુડ કરી ઘરના તમામ સભ્યોએ પરણીતાને તેના બાળકો વિના ઘરના બહાર કાઢી મુંકી હતી. સાસરીયાઓ ધ્વારા પાછી આવીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપતાં પરણીતાએ સાસરીયાઓના માનસિક ત્રાસથી કંટાળી જઈ પતી, જેઠ, જેઠાણી સહિત સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. મેઘરજ પોલીસએ પતી અનુપસિંહ રાઠોડ, જેઠ ધર્મેન્દ્રસિંહ રાઠોડ, જેઠાણી દક્ષાકુંવરબા રાઠોડ, મહિપાલસિંહ રાઠોડ, જશવંતસિંહ રાઠોડ, ભુપતસિંહ રાઠોડ તમામ રહેવાસી. ધંબોલીયા, તા.ભિલોડા વિરૂધ્ધ દહેજની માંગણી સાથે શારીરિક, માનસિક ત્રાસ આપી મારઝુડ કરી જાનથી મારી નાખવાનો ગુનો નોંધી મેઘરજ પોલીસએ વધુ તપાસ હાથ ધરી છે.

# શામળાજી વિષ્ણુ મંદિર દ્વારા વેણપુર ગૌશાળામાં મહાવિષ્ણુ યાગનું આયોજન

હિંમતનગર, તા. ૨૧

દેવનગરીની ભૂમિ તરીકે ઓળખાતા શામળાજીના વેણપુર ખાતે આવેલ ગૌશાળામાં આગામી તા. ૨૮ મેના રોજ નવચંડી યાગ, તા. ૩૧ થી ૫ જૂન સુધી ભાગવત સપ્તાહ અને તા. ૬ થી ૮ જૂન દરમિયાન મહાવિષ્ણુ યાગનું શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજન કરાયુ છે. જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આ અંગે શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટના ચેરમેન મહેશભાઈ ઉપાધ્યાય તથા ટ્રસ્ટી મંડળ વતી હિંમતનગરના દિલીપભાઈ ગાંધીના જણાવ્યા મુજબ દેવનગરીની ભૂમિ તરીકે ઓળખાતા વેણપુરની ગૌશાળાની ગાયોના હિત હેતુ ગૌરજ ભૂમિને પવિત્ર બનાવવાના હેતુથી તા. ૨૮મે ના રોજ નવચંડી યાગનું આયોજન કરાયું છે. ઉપરાંત તા. ૩૧ મે થી ૫ જૂન દરમિયાન વિષ્ણુ મંદિર પરીસર શામળાજી ખાતે ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ યોજાશે જેમાં વ્યાસપીઠ પરથી સંત શ્યામસુંદરદાસ બાપુના મુખેથી વિવિધ પ્રસંગોનું આબેહૂબ વર્ણન કરવામાં આવશે અને તા. ૬ જૂનથી ૮ જૂન દરમિયાન જરીવાલા પરીવારના યજમાનપદે મહાવિષ્ણુ યાગ યોજાશે જેમાં યજ્ઞના આચાર્ય તરીકે શામળાજી મંદિરના પુજારી પરેશભાઈ રાણા પૂજા અર્ચન કરાવશે.

# બાયપાસ રોડ પર ટ્રેલરે ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરના બાયપાસ રોડ પરથી શનિવારે પસાર થઈ રહેલા એક ટ્રેલરના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી કારને ટક્કર મારતા કાર ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. ઉપરાંત એક ઈસમને ઈજા થઈ હતી જે અંગેની ફરીયાદ રવિવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે વિજાપુર તાલુકાના સોજા ગામના ભારતસિંહ પ્રતાપસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ શનિવાર તા. ૧૯ મે ના રોજ બાયપાસ રોડ પર આવેલ એક હોટલ પાસેથી પસાર થઈ રહેલ ટ્રેલર નં. આર.જે. ૦૯.જીબી.૪૦૭૫ના ચાલકે ગફલતભરી રીતે ટ્રેલર હંકારી કાર નં. જીજે.૧. એચએફ. ૭૩૫૫ને સામેથી ટક્કર મારી કારના ચાલક અમિતસિંહ મણુસિંહ રાઠોડને માથામાં ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યું હતુ.

# આજે ડીએચએફએલનો એનસીડી ઈશ્યુ ખુલશે

નેશનલ હાઉસીંગ બેંક (એનએચબી) માં રજીસ્ટર્ડ ભારતમાં ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક હાઉસીંગ ફાઈનાન્સ કંપની દિવાન હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (ડીએચએલએફ) એ તા.૨૨ મે ૨૦૧૮ના રોજ ડિબેન્ચર દીઠ રૂ.૧૦૦૦ની કેસ વેલ્યું ધરાવતો સીક્યોર્ડ રીડિમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ટર્સ (એનસીડી) લાવવાની દરખાસ્ત રજુ કરી છે. આ ઈશ્યુની બેઝ સાઈઝ રૂ.૩,૦૦૦ કરોડ ( બેઝ ઈશ્યુ સાઈઝ) છે, રૂ.૯,૦૦૦ કરોડ સુધી અને કલુ રૂ.૧૨,૦૦૦ કરોડ સુધી (ટ્રેન્ચ ૧ ઈશ્યુ લિમીટ)( ટ્રેન્ચ ૧ ઈશ્યુ )નું આવોર સબસ્ક્રિપશન જાળવવાનો વિકલ્પ ધરાવે છે. ૧૪ મે ૨૦૧૮ના રોજ ટ્રેન્ચ પ્રોસ્પેકટસ દ્વારા ઓફર થયો છે. બીજી બાબતોની સાથે સાથે ટ્રેન્ચ ૧ ઈશ્યુની શરતો અને નિયમો ધરાવે છે. ( ટેન્ચ૧ પ્રોસ્પેકટસ) તેનો અભ્યાસ સંયુકતપણે ૧૪ મે ૧૮ ના રોજ શેલ્ફ પ્રોસ્પેકટસ ( શેલ્ફ પ્રોપ્પેકટસ) સાથે કરવો જોઈએ. તેનું ફાઈલીંગ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, મહારાષ્ટ્ર, મુંબઈ (આરઓસી), સ્ટોક એકસચેન્જ અને સીકયોરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)માં થયું છે. શેલ્ફ પ્રોસ્પેકટસ અને આ ટ્રેન્ચ૧ પ્રોસ્પેકટસ ધરાવે છે.

ડીએચએફએલના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર કપિલ વાધવાને કહ્યું હતું કે ભારતમાં નાણાકીય અને ધિરાણ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક વાતાવરણમાં સતત વધારો થયો છે. જેમાં છેલ્લા થોડા વર્ષો દરમિયાન ડીએચએફએલએ ઉંચી વૃધ્ધિ કરી છે.

### શાપર-વેરાવળના બનાવ પ્રત્યે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ

# મૃતક સ્વ. મુકેશભાઈ વાણીયાના પરિવારજનોને ૮.૨૫ લાખની સહાય

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર અને ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, શાપર-વેરાવળના બનાવ સંદર્ભે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ અભિગમ દાખવી રહી છે. ગઈકાલે શાપર-વેરાવળ ખાતેની ઘટનામાં મૃત્યુ પામનાર સ્વ. મુકેશભાઈ સવજીભાઈ વાણીયાના પરિવારજનો માટે રાજ્ય સરકારે તાત્કાલિક રૂ. ૮.૨૫ લાખની સહાય મંજૂર કરી છે.

મંત્રીઓએ ઉમેર્યુ કે, શાપર-વેરાવળ ખાતે રાદડીયા ફેકટરી સામે અનુસૂચિત જાતિના મુકેશભાઈ વાણીયા ૪-૫ દિવસથી ભંગાર વીણતા હતા. આ બાબતે રાદડીયા ફેકટરીના વ્યક્તિઓ સાથે બોલચાલ થતાં ઝગડો થયો હતો અને મારામારીના પરિણામે સ્વ. મુકેશભાઈ સવજીભાઈ વાણીયાનું મૃત્યુ થયું હતું. આ સમાચાર મળતાં રાજ્ય સરકાર દ્વારા ઘટનાની સંવેદનશીલતાને ધ્યાને લઈને સામેથી ત્વરિત કાર્યવાહી કરવા આદેશો આપ્યા હતા. જેના પરિણામે બનાવમાં સંડોવાયેલા ચારેય આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે અને તેઓની સામે કાયદાકીય રીતે કામગીરી બનતી ત્વરાએ કરવા જરૂરી સૂચનાઓ પણ સંબંધિતોને આપી દેવાઈ છે.

તેઓએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા બનતી ત્વરાએ લીધેલ પગલાંના પરિણામે મૃતકના વતનમાં મરણ પામનારની અંતિમવિધિ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ શકી છે. રાજ્ય સરકાર દ્વારા ભોગ બનનારના વારસદાર તેમના પત્ની ચંપાબેન વાણીયાને રૂ. ૮.૨૫ લાખની સહાય મંજૂર કરી છે. જેમાં ૫૦ ટકા મુજબ ૪,૧૨,૫૦૦ ઉપરાંત અનાજ કઠોળ માટે કુટુંબની ચાર વ્યક્તિના રૂ.૫૦૦ લેખે ત્રણ માસના રૂ.૬,૦૦૦ મંજુર કરીને રૂ. ૪,૧૮,૫૦૦નો ચેક પણ આપવામાં આવ્યો છે.

# સોની સમાજનું ગૌરવ

ખંભીસર, તા. ૨૧

મેઘરજના વતની અને હાલ મોડાસામાં રહેતા દિપકકુમાર જયંતિલાલ સોનીની સુપુત્રી માનસીબેન સોનીને એમએસસી માઈક્રો બાયોલોજીમાં યુનિવર્સિટીમાં પ્રથમ આવતા તારીખ ૧૭ના રોજ પાટણ ખાતે યોજાયેલ સમારંભમાં પદ્મશ્રી ડૉ. શિતાશુ મહેતાના હસ્તે સુવર્ણચંદ્રક મેળવી સમગ્ર સોની સમાજનું ગૌરવ વધારેલ છે.

## સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નામની વનસ્પતિને પોટલીમાં બાંધીને એને માટલામાં રાખીને એ પાણી પીવુ. ઉનાળાના દિવસો દરમ્યાન બ્લડસુગરના સ્તરમાં ઘટાડો થાય છે. કારણ કે પરસેવાના કારણે શરીરમાંથી પાણી ઓછુ થઈ જાય છે. તેનાથી કમજોરી આવી શકે છે ક્યારેક ક્યારેક ચક્કર પણ આવી શકે છે. આથી ઉનાળામાં જ્યારે પણ ઘરની બહાર નીકળો ત્યારે પોતાની સાથે પાણીની બોટલ અને ગ્લુકોઝનું પેકેટ અવશ્ય રાખવુ જોઈએ. બોટલમાં લીંબુ-પાણી પણ ભરીને રાખી શકાય. આવા કેટલાક ઉપાયો દ્વારા ગરમી સામે લડી શકાય છે.

## બિટકોઈન... ● અનુસંધાન પાન-૭ પર

દાખલ કરી છે. એટલું જ નહી, સીઆઈડી ક્રાઈમે શૈલેષ ભટ્ટના ભાણેજ નિકુંજ ભટ્ટ અને મુંબઈના શખ્સ દિલીપ કાનાણીની ધરપકડ કરી લીધી છે. બીજીબાજુ, બિટકોઈનનું સમગ્ર કૌભાંડનો આંક રૂ.એક હજાર કરોડથી પણ વધુ હોવાનો ચોંકાવનારો ખુલાસો સીઆઈડી ક્રાઈમે કરતાં કેસમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. સીઆઈડી ક્રાઈમના ડીઆઈજી આશિષ ભાટિયાએ બહુ મહ્ત્વનો ખુલાસો કર્યો હતો કે, સુરતના બિલ્ડર શૈલેશ ભટ્ટ અને તેના સાગરિતોએ સુરતના ધવલ માવાણીનું અપહરણ કરી રૂ.૧૫૧ કરોડના બિટકોઈન પડાવી લીધા હતા.

સીઆઈડી ક્રાઈમે બિટકોઈન કૌભાંડમાં પત્રકાર પરિષદ કરી આજે ચોંકાવનારા ખુલાસા કર્યા હતા કે, શૈલેષ ભટ્ટ અને તેના સાગરિતોએ સુરતમાંથી પીયૂષ સાવલિયા નામની વ્યક્તિનું ઈન્કમટેક્સ ઓફિસર તરીકે ઓળખ આપી અપહરણ કર્યું હતું અને ત્રણ દિવસ સુધી તેને એક ફાર્મહાઉસમાં ગોંધી રાખ્યો હતો. શૈલેષ ભટ્ટ આણિમંડળીએ પીયુષ સાવલિયા પાસેથી બિટકોઈન કૌભાંડ માટે ધવલ માવાણીનું સરનામું શૈલેશ ભટ્ટ અને તેના સાગરીતોએ મેળવ્યું હતું અને બાદમાં ધવલ માવાણીનું અપહરણ કરી તેની પાસેથી ૨૨૫૬ બિટકોઈન જેની કિંમત રૂ.૧૩૧ કરોડ થતી હતી, તે પડાવી લીધા હતા. એટલું જ નહી, આરોપીઓએ મુંબઈથી હવાલા મારફતે પણ ૪૦ કરોડથી વધુની રકમ મળી કુલ રૂ.૧૫૧ કરોડ ખંખેર્યા હતા. આ સમગ્ર મામલે સીઆઈડી ક્રાઈમે શૈલેશ ભટ્ટ અને તેના સાગરીતો સામે ગુનો દાખલ કર્યો છે. તો, શૈલેશ ભટ્ટના ભાણેજ નિકુંજ ભટ્ટ અને મુંબઈના દિલીપ કાનાણીની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી છે.

સમગ્ર કૌભાંડની જાણ કોઈને ન કરવા ડરાવી ધમકાવી દેશ છોડવાની ધમકી આપી ધવલ માવાણીને મુક્ત કરાયો હતો. રૂ.૧૪.૫૦ કરોડ મુંબઈથી શૈલેશ ભટ્ટે તેના સાગરીત રિતેશ જોટાસણાએ રૂ.૧૦ કરોડ સુરતમાં મેળવ્યા હતા અને બાકીના ચાર કરોડ ગાંધીનગર ઈન્ફોસિટીમાં મેળવ્યા હતા. બાકીના રૂપિયા રૂ.૬૦ લાખ કિરીટ પાલડિયા પાસેથી આંગડિયા દ્વારા મેળવ્યા હતા. આમ રૂ. ૧૫૫ કરોડના બિટકોઈન પડાવી લેવાના કેસમાં શૈલેશ ભટ્ટના ભાણા નિકુંજ ભટ્ટની બે દિવસ પહેલાં સીઆઈડી ક્રાઈમ રાજકોટથી અટકાયત કરી ગાંધીનગર લઈ આવી હતી, જેની પૂછપરછમાં અનેક ખુલાસા થવા પામ્યા હતા. જેને પગલે હવે બિટકોઈન કૌભાંડના મૂળ ફરિયાદી એવા શૈલેષ ભટ્ટ ફરતે જ ગાળિયો કસાઈ ગયો છે. હાલમાં સીઆઈડી ક્રાઈમે શૈલેષ ભટ્ટ, જિજ્ઞેશ મોરડિયા, નિકુંજ ભટ્ટ, ઉમેશ બાવાજી, જે.કે. રાજપૂત, દિલીપ કાનાણી, હિતેશ જોટાસણા અને અન્ય ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરી બે શખસની ધરપકડ કરી છે. આરોપી દિલીપ કાનાણીના બ્લોક ચેઈન વોલેટમાંથી ૧૫૨ બિટકોઈન એટલે કે ૮.૫૮ કરોડના બિટકોઈન સીઆઈડી ક્રાઈમે જપ્ત કર્યા છે હાલ શૈલેશ ભટ્ટ ફરાર છે. આ મામલે સીઆઈડી ક્રાઈમના વડા આશિષ ભાટિયાએ જણાવ્યું કે સુરતના વેપારીઓએ અલગ અલગ સ્કીમમાં ૧,૦૦૦ કરોડ કરતાં વધુ રૂપિયાનું બિટકોઈનમાં રોકાણ કર્યું હતું, જે કંપનીમાં રોકાણ કર્યું હતું તે બિટકનેક્ટ કંપની ડૂબી ગઈ છે, જેની હજુ સુધી કોઈ ફરિયાદ આવી નથી. શૈલેષ ભટ્ટના નાણાં પણ તેમાં ડૂબ્યા હતા, તેથી તેણે આ બિટકોઈન કૌભાંડનો ખેલ પાર પાડયો હતો. શૈલેશ ભટ્ટે તેના સાગરીતો કિરીટ વાળા, જિજ્ઞેશ સહિતના લોકોએ સુરત ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ બની ધવલ માવાણીનું અપહરણ કરી તેની પાસેથી કરોડો રૂપિયાના બિટકોઈન પડાવી લીધા હતા, જેમાં ૭૦૦ બિટકોઈન શૈલેશ ભટ્ટ, ૫૦૦ બિટકોઈન જિજ્ઞેશ તેમજ ૩૬૦ બિટકોઈન કિરીટ વાળા, ૩૬૦ બિટકોઈન દિલીપ કલાણી અને ૩૬૦ બિટકોઈન રાજુ દેસાઈના ભાગે આવ્યા હતા. ધવલ પાસેથી ૨૨૫૬ બિટકોઈન અને ૧૧,૦૦૦ લાઈટ કોઈન પડાવી લીધા હોવાનું તપાસમાં ખૂલ્યું હતું.

## જનાદેશ... ● અનુસંધાન પાન-૭ પર

ખોટા નિવેદન કરવાનો અમિત શાહે આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે કોંગ્રેસે એવી ખોટી વાત કરી હતી કે યેદીયુરપ્પાએ બહુમતી પુરવાર કરવા માટે રાજ્યપાલ પાસેથી સાત દિવસનો સમય માંગ્યો હતો. શાહે કહ્યું હતું કે કોંગ્રેસ સરકારના ભ્રષ્ટાચાર, કુશાસન, દલિત અત્યાર, મહિલા અત્યાચરની વધતી ઘટનાઓના વિષય ઉપર ચુંટણી લડી હતી. કર્ણાટકમાં છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૩૭૦૦ ખેડૂતો આત્મહત્યા કરી ચુક્યા છે. આ તમામ ચીજો એક નિષ્ફળ સરકારની સાબિતી આપી રહી હતી. આને મુદ્દા બનાવીને અમે ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. ઉપરાંત નરેન્દ્ર મોદી સરકારે કર્ણાટક માટે જે કામ કર્યા હતા તેને લોકો જોઈ રહ્યા હતા. સ્વતંત્રતા બાદ સૌથી વધારે નાણાં અને પ્રોજેક્ટ કર્ણાટકને આપવાનું કામ મોદી સરકારે કર્યું હતું. ભાજપ અધ્યક્ષે કહ્યું હતું કે કેટલાક લોકો એક ખોટા પ્રચાર કરવાના પ્રયાસ કરે છે કે પૂર્ણ બહુમતી ન હોવા છતાં ભાજપે સરકાર બનાવવાના પ્રયાસ કર્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે અમે સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યા હતા. જેથી અમારો દાવો મજબૂત હતો. જો અમે સરકાર બનાવવાનો દાવો ન કર્યો હોત તો લોકોના જનાદેશનું અપમાન રહ્યું હતો. કોંગ્રેસની વિરૂદ્ધમાં જનાદેશ હતો. આવી સ્થિતિમાં દાવો કરીને કોઈ ખોટા કામ કર્યા ન હતા.

## વધારે સાવધાન... ● અનુસંધાન પાન-૭ પર

પહેલા કુમારસ્વામી કોઈ તક લેવા ઈચ્છુક નથી. કોંગ્રેસે પોતાના ૭૮ ધારાસભ્યોને પોતાના ઘરે જવાની પણ તક આપી નથી. તેમને હોટલ હિલ્ટનમાં રાખવામાં આવ્યા છે. રવિવારના દિવસે જેડીએસના ધારાસભ્યોને પણ આજ હોટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. કેટલાક ધારાસભ્યો પોતાના ક્ષેત્રમાં જવા માટે ઈચ્છુક હતા પરંતુ ધારાસભ્યોને હોટલમાં જ રોકાવા માટે કહેવામાં આવ્યું છે. કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ જી પરમેશ્વરાનું કહેવું છે કે ફ્લોર ટેસ્ટ થાય ત્યાં સુધી તમામ ધારાસભ્યોને હોટલમાં રહો માટે કહેવામાં આવ્યું છે. આજે ધારાસભ્યો સાથે મહત્વપૂર્ણ બેઠક પણ યોજાઈ હતી. મુખ્યમંત્રી બનવા જઈ રહેલા કુમારસ્વામીએ પોતાના ધારાસભ્યોને રાજ્યની સત્તામાં આવી ગયા બાદ પોતાના મહત્વના સંદર્ભમાં વાત કરી છે. તેમણે કહ્યું હતું કે અહીં પ્રશ્ન પાર્ટીના અસ્તિત્વનો રહેલો છે. પિતા એચડી દેવગૌડાના કેબિનેટ નિર્ણયને પણ ધ્યાનમાં લેવામાં આવે તેવી અપીલ કરવામાં આવી હતી. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સિદ્ધારમૈયા, મલ્લિકાર્જુન ખડગે, ડીકે શિવકુમાર, કેસી વેણુગોપાલે ધારાસભ્યોની સાથે વાતચીત કરી છે અને તેમને પાર્ટીના નિર્ણયને પાળવા માટે સૂચના આપી છે. શિવકુમારનું કહેવું છે કે તમામ નિર્ણય લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને કરાયા છે.